## ગાંધીનગરમાં નવરાત્રી સાતમું નોરતું

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના સાતમા નોરતે ગોલ્ડન ચીયર્સના ગાયક કલાકારોના મધુરકંઠે ગરબાના સુર રેલાશે.
- સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા સેક્ટર-૨૨, ગબ્બર ચોક ખાતે ન્યુ બંસરી કલાવૃંદના ગાયક નિતેશભાઈ ઠાકોરના કંઠે રાત્રીના ૯.૩૦ કલાકે ગરબાની રમઝટ જામશે.
- નવરાત્રી મહોત્સવ યુવા સમિતિ દ્વારા સે. ૧૭ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે મા ગ્રુપ ઓફ મ્યુઝિકના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા સે. ૧૧ના થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે ૮.૩૦ કલાકે અંકીતા શાહના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- નવરાત્રી સમિતિ સે. ૩-ન્યુ દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે પંકજ કાપડીયાના મધુરકંઠે ગરબાની રમઝટ બોલાવાશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા સે. ૩-સી, શક્તિચોક ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે જય માતાજી પાર્ટીના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૫-સી દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે સે. ૫ના નવરાત્રી ચોક ખાતે ક્રિષ્ણા કલાવૃંદના કમલેશ વાઘેલા, ગોવિંદ રાણા અને કવિતા રાણા મધુરકંઠે ગરબાની પ્રસ્તુતી થશે.
- શક્તિ મંડળ દ્વારા સવારના ૧૦ થી ૧૨ કલાક દરમિયાન મધુબેન પ્રજાપતિના યજમાન પદે અંબાજી મંદિર, સેક્ટર-૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.

# આજ ગગનથી ચંદન ઢોળાય રે... સહિયર મારી આંખોમાં અજવાળાં થાય...









### ચોમાસુ નવરાત્રી

## આને કહેવાય ખેલૈયા, ગરબા રમવા ગમે તે કરી લે...

**જે યુવાનો ખરા ચોમાસામાં છત્રી લઈ નીકળતા શરમાય છે તે યુવાનો હાલ છત્રી લઈ ગરબે ઘૂમી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૬

જનરેશન ક્યાં જઈને અટકશે, યુવા પેઢી કયા કયા સમયે શુ કરશે તે કઈ સમજાય એમ નથી. તે આ વખતની નવરાત્રીમાં દેખાયું.

જે યુવાનો ખરા ચોમાસામાં ઘરની બહાર છત્રી લઈ નીકળતા શરમાય છે તેમજ રેનકોટ પહેરીને નીકળતા અચકાય છે, અથવા તો સંકોચ અનુભવે છે તે યુવાનો હાલ ચોમાસુ નવરાત્રિમાં હોંશે...હોંશે ટ્રેડીશનલ ડ્રેશમાં સજ્જ થઈ અવનવા રંગ, આકાર અને સાઈઝની છત્રી તેમજ રેનકોટ પહેરી ગરબે ઘુમતા નજરે પડે છે. બીજી તરફ સોશ્યલ મિડીયામાં પણ 'ચોમાસુ નવરાત્રી'ને લઈ પોસ્ટો-મેસેજ અને વિડીયો પણ મોબાઈલ ધારક મેઘરાજા વરસાવી રહ્યા છે.

આ વખતની નવરાત્રીમાં મેઘરાજા દરરોજ રાત્રે સર્જીકલ સ્ટ્રાઈક કરી નાખે છે અને ખેલૈયા સહિત આયોજકોની મજા કીરકીરી કરી નાખે છે. સમજાતુ એ જ નથી કે નવરાત્રીમાં ચોમાસુ છે કે ચોમાસામાં નવરાત્રી છે...

જેમ જેમ ચોમાસુ નવરાત્રી જામતી જાય છે તેમ તેમ ચોમાસુ નવરાત્રીની વિવિધ કટાક્ષ અને કમેન્ટો વાળી પોસ્ટ પણ ધૂમ મચાવી રહી છે. આઉટ ઓફ ફેશન બનેલી છત્રી હાલ હોટ ફેવરેટ બની ગઈ છે.

સામાન્ય સમયમાં કે સંજોગ વર્તમાન યુવા પેઢીમાં છત્રીએ આઉટ ઓફ ફેશન બની ગઈ છે. પરંતુ નવરાત્રીની અંદર વાત જો ગરબાની આવી જાય ત્યારે બધુ જ ચાલે છે. વાત વરસાદથી બચવાની નથી પણ મોજથી ગરબા ઘૂમવાની છે.

આ ચોમાસુ નવરાત્રીમાં દરરોજ મેઘરાજા હાજરી આપે છે. તો ગરબા રસીકોએ પણ વરસાદથી બચવા અનેક પેંતરા તથા જુગાડ કરી લીધા છે. અને જુગાડ-પેંતરાને સોશ્યલ મિડીયામાં પોસ્ટ કરી વાઈરલ પણ કરી રહ્યા છે.

**આજની પોસ્ટ...**

"રામચંદ્ર કહ ગયે સીયાસે ઐસા કલયુગ આયેગા ઓક્ટોબરમે બારીશ હોગી રાવણ જલ નહી પાયેગા"

"ઉત્તરાયણના દિવસે હવા ન હોય... ધૂળેટીના દિવસે પાણી બંધ હોય કે બેસતા વર્ષના દિવસે સામેવાળી ઘરે ન હોય... આ બધા કરતા વધારે દુઃખ થાય છે જ્યારે નવરાત્રીની રાત્રે વરસાદ હોય... "લાગે છે કે ભગવાન અને માતાજી વચ્ચે કોઈ બાબતે બબાલ થઈ લાગે છે" આવી અવનવી પોસ્ટ પર ઘરે બેઠા લોકો ખુબ મજા લઈ રહ્યા છે.

# સે-૨૨માં ગરબે ઘુમવા માનવ મહેરામણ ઉમટયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ આયોજીત ગરબા મહોત્સવના પાંચમા નોરતે ગરબે ઘુમવા ખૈલેયાઓની ભારે ભીડ ઉમટી હતી. શહેરમાં નવરાત્રીના સમય દરમિયાન વરસાદે વિરામ લેતા ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા હતા. જયારે સેકટર-૨૨માં વર્ષોથી પારંપરીક નવરાત્રી મહોત્સવનો દબદબો યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે પાંચમા નોરતે ઝનકાર ગ્રુપે દ્વારા રાસ-ગરબાની ભારે રમઝટ બોલાવી હતી. આ વર્ષે સેકટર-૨૨ નવરાત્રી મહોત્સવમાં વ્યસન મુકિતની થીમ રાખવામાં આવી છે. જેમાં સુંદર પોસ્ટર દ્વારા નવયુવાનોને વ્યસન નહી કરવા માટે તેમજ વ્યસનથી થતા રોગ વિશે સમજણ મળી રહે તેવા બેનર મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૨માં શોંપિગ સેન્ટર પાસેના ગ્રાઉન્ડમાં છેલ્લા ૨૮ વર્ષથી વેપારીમિત્રો દ્વારા સાર્વજનિક નવરાત્રી મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ અંગે નવરાત્રી સમિતિના પ્રમુખ કાલીદાસભાઈ પટેલ જણાવે છે કે આ નવરાત્રીનો પ્રારંભ ૧૯૮૯માં સુંદર માતાજીનો ગબ્બર બનાવી કરવામાં આવ્યો હતો. બસ ત્યારથી પારિવારીકર વાતાવરણમાં નવરાત્રી મહોત્સવ નિહાળવા માટે શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરીકો પણ મોટીસંખ્યામાં આવે છે. સે-૨૨ નવરાત્રીમાં માતાજીના ચાચર ચોકમાં ગરબે ઘુમવા માટે ભાઈઓ તેમજ બહેનોની અલગ વ્યવસ્થા છે. જુના સેકટરોમાં આયોજીત નવરાત્રીમાં હજુ સુધી સેકટર-૨૨ની નવરાત્રીએ પરંપરા જાળવી રાખી છે. આ નવરાત્રી નિહાળવા નગરજનો મોટીસંખ્યામાં આવે છે. સીસીટીવી કેમેરાથી સજ્જ, સુવ્યવસ્થિત પાર્કીંગ એરીયા, તેમજ મોકળાશવાળુ ગ્રાઉન્ડ તેમજ યોગ્ય સાઉન્ડ સિસ્ટમ હોવાથી ખૈલેયાઓ ગરબે ઘુમવા મોટીસંખ્યામાં આવે છે. નવલી નવરાત માટે તૈયારી કરતા ખૈલેયાઓ માટે વરસાદનું વિધ્ન આવતા નિરાશ થયા છે પરંતુ છેલ્લા બે દિવસથી નવરાત્રીના સમયમાં વરસાદ ન આવતા ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમે છે. ત્યારે પાંચમા નોરતે સેકટર-૨૨માં ઝનકાર ગ્રુપ દ્વારા રાસગરબાની રમઝટ બોલાવી હતી. પ્રાચીન અને અર્વાચીન ગરબા તેમજ સંગીતના સથવારે ગરબા પ્રેમીઓ મનમુકીને ગરબે ઘુમ્યા હતા. જયારે આ શેરીગરબાની મુલાકાતે અત્યાર સુધીમાં રાજકીય આગેવાનો તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓના આગેવાનો પણ આવી ચુક્યા છે. સેકટર-૨૨ નવરાત્રીએ શેરીગરબાની પરંપરા જાળવી રાખી છે. તેમજ ખાણીપીણી બજાર પણ અહી ધમધમતુ હોવાથી સ્વાદના શોખીનો ગરબા પુરા થયા પછી પણ સેકટર-૨૨ ની મુલાકાતે અચુક આવે છે.







## ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ના વિજેતાઓ

| કેટેગરી | વિનર | રનર્સઅપ | વિનર | રનર્સઅપ |
|---|---|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) | દર્શ રાજ | યશ રાવલ | ધ્રુવી પટેલ | માહી પટેલ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) | રમ્ય વઘાણી | જૈમિન મકવાણા | કાવ્યા ભટ્ટ | શરવી વ્યાસ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ સુધીના) | મનન ભટ્ટ | શની પ્રિયદર્શી | વિધિ પટેલ | રીયા ગાંધી |
| બેસ્ટ ડ્રેસ | નિકુંજ મકવાણા | ઉત્સવ પરમાર | દિપા પટેલ | પૂર્વી ઘોઘારી |
| બેસ્ટ કિંગ અને ક્વીન | વિપુલ મીસ્ત્રી | સવજીભાઈ રાઠોડ | મેઘા ભટ્ટ | મૌસમી ઓઝા |
| બેસ્ટ પેર | મેહુલ ભોજક | હર્ષ ત્રિવેદી | પાર્થ પરમાર | પિન્કી મુદ્રા |
| બેસ્ટ પરફોર્મર્સ (પ્રિન્સ-પ્રિન્સેસ) | હર્ષ ઘોઘારી | નિસર્ગ પંડ્યા | દિશા જોશી | વૈદહી મુંધવા |